# નિબંધ :- જન્માષ્ટમી

જન્માષ્ટમીનો તહેવાર શ્રાવણ વદ આઠમના દિવસે આવે છે. જન્માષ્ટમી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ છે. આ દિવસે જેલમાં શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ વસુદેવ અને માતાનું નામ દેવકી હતું. વસુદેવ અંધારી રાતે શ્રીકૃષ્ણને ગોકુળમાં મૂકી ત્યાંથી જશોદાની પુત્રીને લઈ આવ્યા હતા. કંસે તેને મારી નાખી હતી.

જન્માષ્ટમીના દિવસે લોકો ઉપવાસ કરે છે. મંદિરોને શણગારવામાં આવે છે. લોકો મંદિરે દર્શન કરવા જાય છે. રાતે મંદિરમાં ભજનકીર્તન થાય છે. રાતના બાર વાગે કૃષ્ણ જન્મ થાય છે. લોકો ગુલાલ ઉડાડે છે અને નંદ ઘરે આનંદ ભયો, જય કનૈયા લાલકી બોલે છે. લોકો કૃષ્ણને પારણામાં ઝુલાવે છે. પછી આરતી થાય છે. અને પંજરીનો પ્રસાદ વહેંચાય છે.

મહારાષ્ટ્રમાં મટકી ફોડવાનો કાર્યક્રમ યોજાય છે. તે જોવાની મજા આવે છે.

જન્માષ્ટમી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

# નિબંધ :- ૧૫ મી ઓગસ્ટ

પંદરમી ઓગસ્ટ આપણો રાષ્ટ્રીય તહેવાર છે. ૧૫ મી ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ આપણો દેશ આઝાદ થયો. ત્યારથી દર વર્ષે આ દિવસે આપણે સ્વાતંત્ર્યદિન ઊજવીએ છીએ.

૧૫ મી ઓગસ્ટે શાળાઓમાં ધ્વજવંદન થાય છે. શાળાના મેદાનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવે છે. રાષ્ટ્રીયગીત ગવાય છે. પછી સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે.

દિલ્લીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. પછી લશ્કરની પરેડ થાય છે.

રેડિયો અને ટેલિવિઝન પર દેશભક્તિનાં ગીતો રજૂ થાય છે.

આપણે આપણો સ્વાતંત્ર્યદિન હોંશે હોંશે ઊજવીએ અને આપણી આઝાદીનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લઈએ.

DATE

Week - 3 [14-9-26 to 19-9-26]

## સર્વનામ :-

- નામને બદલે વપરાતા શબ્દને સર્વનામ કહે છે.

હું, તું, તે, તને, તારું, મારું, તેને, તેનું, મને, અમે, તમે, તમને, અમને, આપણું, આપણને, અમારું, તેઓને, તેઓનું, વગેરે, વર્ણ સર્વનામનાં રૂપો છે.

## વાક્યો :-

૧) તમે અમારા ઘરે આવવાના છો?

૨) અમે કાલે શાળાએ જઈશું.

૩) તમારી પાસે પુસ્તક છે?

૪) હું દરરોજ ભગવાનને પ્રાર્થના કરું છું.

૫) અમારી શાળા ઘણી મોટી છે.

⇒ સંખ્યા ૪૧ થી ૬૦ અંક - શબ્દમાં

| | |
|---|---|
| ૪૧ - એકતાલીસ | ૫૧ - એકાવન |
| ૪૨ - બેતાલીસ | ૫૨ - બાવન |
| ૪૩ - તેતાલીસ | ૫૩ - ત્રેપ્પન |
| ૪૪ - ચુમ્માલીસ | ૫૪ - ચોપ્પન |
| ૪૫ - પિસ્તાલીસ | ૫૫ - પંચાવન |
| ૪૬ - છેતાલીસ | ૫૬ - છપ્પન |
| ૪૭ - સુડતાલીસ | ૫૭ - સત્તાવન |
| ૪૮ - અડતાલીસ | ૫૮ - અઠ્ઠાવન |
| ૪૯ - ઓગણપચાસ | ૫૯ - ઓગણસાઠ |
| ૫૦ - પચાસ | ૬૦ - સાઠ |